


## Treatments




RADIATION THERAPY



HARMONAL THERAPY



CHEMOTHERAPY



SURGERY

**એઈમ્સ સર્જીકલ ઓન્કોલોજી ડિપાર્ટમેન્ટમાં ઉપલબ્ધ સારવાર :**

- બ્રેસ્ટ કન્ઝર્વેશન સર્જરી
- મોડીફાઇડ રેડીકલ માસ્ટેક્ટોમી
- બ્રેસ્ટ રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી
- સેન્ટીનલ લિમ્ફનોડ બાયોપ્સી (SLNB)
- એક્સિલરી લિમ્ફનોડ ડિસેક્શન (ALND)

**સ્તન કેન્સરને રોકી શકાતુ નથી. પરંતુ જો સમયસર નિદાન થાય તો તેની સારવાર ચોક્કસપણે કરી શકાય છે. સ્તનના સ્વપરિક્ષણ તથા સ્તન કેન્સરનાં ચિન્હો અંગે જાગૃત બનવુ તથા અન્યને જાગૃતિ ફેલાવવી ખૂબ આવશ્યક છે.**

locate us

**કોઈ પણ મેડિકલ ઈમર્જન્સીમાં**
**અમારી સમર્પિત હેલ્પ લાઈન પર ફોન કરો.**

# ૭૮૭૮૭૯૭૮૨૦

ahmedabad institute of medical services
*aiming beyond care*
A Unit of A. Maniar Healthcare Pvt. Ltd.

PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
ACCREDITED


**એઈમ્સ હોસ્પિટલ, પી.એન.હાઉસ, જેઠાભાઈ પાર્કની સામે,**
**નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭. ગુજરાત.**
**કોન્ટેક્ટ : ૭૮૭૮૭૯૭૮૧૯**
**વેબ: www.aimscare.com ઈ–મેઈલ: contact@aimscare.com**




# સ્તન કેન્સર
## Breast Cancer

ahmedabad institute of medical services
*aiming beyond care*

## સ્તન કેન્સર :


સ્તન કેન્સર એટલે તેમાં સ્તનના કોષ અસામાન્ય રીતે વૃધ્ધિ કરે છે. જ્યારે કોષની અંદર રહી કાબૂમાં રાખતા જનીન તત્વ બરાબર કામ ના કરે ત્યારે આ સ્થિતિ ઉભી થાય છે. જેના પરિણામે કોષો બેકાબુ થઈને ગાંઠ (ટ્યુમર) રચે છે. આ ગાંઠ તમે ત્વચાની નીચે અનુભવી શકો છો. ૮૦% કેસમાં સ્તન કેન્સર ૪૦ વર્ષથી વધુ વયની સ્ત્રીઓમાં જોવા મળે છે. જો પરિવારમાં કોઈકને સ્તન કેન્સર થયેલું હોય તો સ્તન કેન્સર થવાની શક્યતા ૨ થી ૩ ગણી વધી શકે છે. ફક્ત ૫ થી ૧૦% સ્ત્રીઓને જનીનમાં થતા ફેરફારને કારણે સ્તન કેન્સર થાય છે.

**સ્તન કેન્સર વિશેના અમૂક તથ્યો ચિંતાજનક છે :**

૧. ભારતમાં સ્ત્રીઓમાં થતા કેન્સરમાં, સૌથી સામાન્ય રીતે થતુ કેન્સર એ સ્તન કેન્સર છે.
૨. સ્ત્રીઓનાં કેન્સરમાં ૨૫% – ૩૨% કેસમાં સ્તન કેન્સર ભાગરૂપ બને છે.
૩. અહેવાલ મુજબ, દર ૪ મિનિટમાં એક ભારતીય મહિલામાં સ્તન કેન્સરનું નિદાન થાય છે તથા દર ૧૩ મિનિટમાં એક ભારતીય મહિલા સ્તન કેન્સરનાં કારણે મૃત્યુ પામે છે.
૪. સ્તન કેન્સરના કેસમાં ૫૦% થી વધુ કેસમાં કેન્સર ૩(ત્રીજા) અથવા ૪ (ચોથા) તબક્કામાં જોવા મળે છે.
૫. સ્તન કેન્સર વિશેની જાગૃતિનાં અભાવ તથા સ્ક્રીનીંગ અને નિદાનમાં વિલંબના કારણે ભારતમાં સ્તન કેન્સરના લીધે મૃત્યુદર વધારે છે.
૬. ભારતમાં સ્ત્રીઓમાં ૩૦–૫૦ વર્ષની વયગાળા દરમ્યાન સ્તન કેન્સરનાં કેસમાં વધારો જોવા મળ્યો છે. પરંતુ તેના માટેના જબાવદાર કારણો હજુ સ્પષ્ટ પણે કહી શકાતા નથી. બાળકના જન્મ પછી માતાની જીવનશૈલી, રિપ્લેસમેન્ટ અંતઃસ્ત્રાવો લેવા અને મોઢેથી ગર્ભનિરોધક દવાઓ તેવી, વધારે પડતી ચરબીવાળો ખોરાક, આલ્કોહોલનું સેવન વગેરે ફેરફારો સ્તન કેન્સરનું કારણ હોય શકે છે.

## સ્તન કેન્સરના ચિન્હો


- સ્તનમાં ગાંઠ થવી અથવા સોજો આવવો.
- સ્તનની ચામડીમાં ખાડો પડવો.
- સ્તનની ચામડીનો રંગ બદલાઈ જવો.
- સ્તન માંથી પ્રવાહી નીકળવું,
- સ્તનની નીપલ અંદર ખેંચાઈ જવી.
- બગલમાં સોજો આવવો અથવા ગાંઠ થવી.




## જાતે તપાસ કરવાની રીત :

**માસિકના ચાર–પાંચ દિવસ પછી :**
- હાથ ઉંચો કરીને બગલ તપાસો.
- સ્તનમાં દુઃખાવા વગરની ગાંઠ અથવા સોજા માટે તપાસો.
- સ્તનમાં ઉપરથી નીચે, ગોળાકાર તથા અંદરથી બહારની તરફ હાથ વડે તપાસો.
- નીપલમાંથી અન્ય કોઈ પ્રવાહી નીકળતુ નથી તેની ખાતરી કરો.
- સ્તનની ચામડીમાં ખાડો પડતો ન હોય તેની ચકાસણી કરો.
- સ્તનની ચામડીનો રંગ બદલાયો ન હોય તેની ચકાસણી કરો.

## Self Examination





## સ્તન કેન્સના તબક્કા :

સામાન્ય રીતે સ્તન કેન્સરને, કેન્સની ગંભીરતા મુજબ ૦ (પ્રાથમિક તબક્કો) થી લઈને ૪ (ગંભીર તબક્કો) સુધી વિાભાજીત કરવામાં આવે છે જે નીચે મુજબના પરિબળો પર આધારિત છે.

- કેન્સરની આક્રમકતા
- કેન્સરની ગાંઠનું કદ
- કેન્સરની ગાંઠનો ફેલાવો

## સ્તન કેન્સરની સાવચેતી માટે સ્કિનીંગ :

- ૨૫ વર્ષની વય પછી ડૉક્ટર દ્વારા વર્ષમાં એકવાર સ્તનની કિલનીકલ તપાસ કરાવવી જોઈએ.
- ૪૦ વર્ષની વય પછી વર્ષમાં એકવાર મેમોગ્રામ કરાવવો જોઈએ.




## સ્તન કેન્સરની તપાસ તથા સારવારના વિકલ્પો :

સ્તનની તબીબી તપાસ, મોમોગ્રામ અથવા અલ્ટ્રા સોનોગ્રાફી સ્તનના ભાગમાં ફેરફાર દર્શાવે તો ડૉક્ટર દ્વારા બાયોપ્સીની સલાહ આપવામાં આવે છે. બાયોપ્સીના રીપોર્ટના આધારે તથા કેન્સરના તબક્કા, કદ અને પ્રકારના આધારે સારવારનાં નીચે મુજબના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ નક્કી કરી શકાય :

- સર્જરી
- રેડીયેશન થેરાપી
- કીમો થેરાપી, હોર્મોન થેરાપી મેડીકેશન, ટાર્ગેટેડ થેરાપી ડ્રગ્સ